જુવેનાઈલ ફોજદારી કેસ નંબર–

## ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ મુજબ આંક – ૧ નીચે હુકમ

1. આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશીયલ સીટીગ રાખેલ છે.
2. સદર કેસનુ રેકર્ડ જોવામાં આવે તો કેસ જુનો છે. હાલના કામે જુવેનાઈલ નાઓને અવાર નવાર પ્રોસેસની બજવણી કરવા છતાં તેઓને પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી. સદર જુવેનાઈલ સામેનો ગુનો તેમજ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ–૨૦૧૫ની કલમ–૧૪(૫)ની જોગવાઈ મુજબ સીરીયસ તેમજ હીનીયસ પ્રકારના ગુનાઓ સમન્સ ટ્રાયબલ ચલાવવાના હોય છે. જેથી સદરહું ગુનાની ટ્રાયલ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ–૨૦૧૫ની કલમ–૧૪ની જોગવાઈ મુજબ સમન્સ ટ્રાયબલ મુજબ ચાલવા પાત્ર છે. સદર કેસ ઘણાં વર્ષ જુનો છે, રેકર્ડ અને પ્રોસીડીગ્સ જોતાં અનેક વખત જુવેનાઈલ ને પ્રોસેસ કાઢવા છતાં અને પુરતી તક આપવા છતાં પોલીસ પ્રોસેસની અસરકારક બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામે હાલ ના કેસમાં પોલીસ /ફરીયાદ પક્ષ જુવેનાઈલ ને હાજર રાખવામાં અનેક તક આપવા છતાં નિષ્ફળ ગયેલ છે. આ કામે હાલનો કેસ તે સમન્સ ટ્રાયબલ પોલીસ કેસ છે. ફરીયાદપક્ષે, પોલીસે પ્રોસેસની બજવણી માટે કોઈ અસરકારક પગલા લીધેલ નથી અને નિષ્કાળજી દાખવેલ છે. સંજોગો જોતાં આ કેસ પેન્ડીગ રાખવામાં કોર્ટનો અને સ્ટેટના અધિકારીઓનો કીંમતી સમય બગડે છે.
3. પી.આર.રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક ૨૦૦૨(૨) જી.એલ.આર.૧૫૪૯ ઉપર પ્રસીઘ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે “The Criminal Courts should exercise their available powers such as those under Section 309, 311, 258 of the code of Criminal procedure,1973 to effectuate the right to speedy trial” આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નંબર ૨૯૧૭/૨૦૦૬ તારીખ ૧૭–૧૦–૧૬માં નામદાર હાઈર્કોટ દ્બારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખવામાં બાબતે અદાલતો પોલીસતંત્રને મર્યાદીત તકો આપીને યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી ની કલમ ૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે.
4. નામદાર સુપ્રમી કોર્ટેએ A.I.R 2012 SC 3217 Ranjan Dwivedi versus C.B.I Through The Director General ના ચુકાદામાં નામદાર સુપ્રમી કોર્ટએ ઠરાવેલ છે કે ” The criminal courts should exercise their available powers, such as those under Sections 309 ,311 and 258 of the Code of Criminal Procedure to effectuate the right to speedy

trial. A watchful and diligent trial Judge can prove to be a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the high court under Section 482 Crpc and Articles 226 and 227 of the constitution can be invoked seeking appropriate relief or suitable directions.

5. આથી, કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ જુવેનાઇલ ની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસતંત્ર જુવેનાઇલ ને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નીવડેલ અને હવે વધુ સમય પોલીસતંત્રને આપવો ઉચીત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનોને ધ્યાને લેતા અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ની કલમ ૨૫૮ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચીત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ:: –**

- ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ની કલમ–૨૫૮ મુજબ હાલના કેસના જુવેનાઇલ સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. ભવિષ્યમાં જુવેનાઇલ ને અગર ફરીયાદ પક્ષ રજુ કરે કે જુવેનાઇલ સામેથી હાજર થાય તો હાલની કેસની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૦૦(૫) મુજબ નવેસરથી શરુ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમ થી કોઈ બાધ રહેશે નહી તથા તેવા કિસ્સામાં આ કોર્ટ કાર્યવાહી કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે.
- જુવેનાઇલ ના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો જુવેનાઇલે જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ની કલમ ૪૪૬ અન્વયે સરકાર ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.
- કબજે કરેલ મુદામાલ અંગે તપાસ અમલદારે તેના માલીકીની ત્રણ મહીનામાં તપાસ કરીને જો માલીક મળી આવે તો તેને મુદામાલ સોપણી કરવી અને તેની જાણ કરવી અને જો માલીક ન મળી આવે તો મુદામાલની જાહેર હરાજી કરીને મળેલ રકમ સરકાર ખાતે જમા કરાવી.

આજ તારીખ ૧૪ મી, માહે ડીસેમ્બર સને–૨૦૨૪ નારોજ હુકમ બોર્ડની કાર્યવાહીમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૨૦૨૪ **અધ્યક્ષશ્રી,**
સુરત.

સભ્યશ્રી,
શ્રીમતી આર.એમ.કાપડીયા
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરત.

સભ્યશ્રી,
શ્રી એન.બી.પટેલ.
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરત.

I/C. પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ,
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,
સુરત.